


"જોયું ને..?! પહેલો ઘા રાણાનો..!!"

"ક્યાં પાછા 'ઘા' મારી આવ્યા..?!"

"અમારી પહેલી યાદી બહાર પડી ગઈ ને... જોયું નહિ..?! ધડાધડ ૭૦ નામોની એક સાથે જાહેરાત કરી દીધી... આને કહેવાય વટ..!!"

"ઓ...હો...હો... શું ધાડ મારી તમે..?! આવડતા'તા એવા સહેલા પ્રશ્નોના જવાબ પહેલાં લખી નાખ્યા એવું છે..!! આ તો અપેક્ષીત જ હતી..! ઉલટાનું નો રીપીટ થીયરીમાં તમારી હિમ્મત ના ચાલી હિંમત... બરાબરને..?!"

"હા... એ તો હવે તમે એવું જ બોલશોને..?! તમારે તો બે બાજુ બોલવાનું... ૨૦-૨૫ ધારાસભ્યોની ટીકીટ કાપી હોત તો તમે કંઈ બીજુ બોલત અને આજે હવે કંઈક જુદુ બોલો છો..!! દુનિયા તો દો રંગી હૈ..!!"

"અરે એવું નથી... દરેક પક્ષની એક નીતિ-રીતિ હોય..! દરેક ચાલમાં એક ઈશારો હોય..! અને દરેક પગલામાં ભાવિ સંકેત હોય... આટલું તો રાજકારણમાંથી શીખ્યાને..?! કે બાકી સાહેબ કહે એમ જ..?!"

"તમેય શું મજાક-મસ્તી કરો છો..?! અમારો ભારતીય જનતા પક્ષ મુલ્યનિષ્ઠ રાજકીય પક્ષ છે..! પ્રજાના હૃદયમાં જેનુ સ્થાન છે... અભુતપૂર્વ લોકચાહના છે.... હજારો કર્મઠ કાર્યકરો છે... અને નિષ્ઠાવાન નેતૃત્વ છે..! પછી અમારે કોઈના પ્રમાણપત્રની ક્યાં જરૂર છે..?!"

"હા... એ તો અમને ખબર છે... તમે જ જુઓને તમારી યાદી... હમણાં બે મહિના પહેલાં કોંગ્રેસમાંથી પાટલી બદલાવી પક્ષમાં લાવનાર પાંચેય ધારાસભ્યોને વાજતે-ગાજતે ટીકિટ આપીને..?!"

"તેમાં ખોટું શું છે..?!"

"ખોટું એ છે... તમે મુલ્યનિષ્ઠ રાજનીતિની વાત કરો છો એટલે ખોટુ છે... તમારી પાસે હજારો કર્મઠ કાર્યકરો છે તો તમારે બીજા પક્ષમાંથી તોડફોડ કરવાની જરૂર ક્યાં છે..?! અને હા સાડાચાર વરસ તમારી કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારને ગરજી ગરજીને ગાળો દેનારને તમે ટીકિટ આપો અને તમારા પક્ષના કાર્યકરોને એમનો પ્રચાર કરવા આપો... કેવી મનોદશા કાર્યકરો અનુભવે છે..?!"

"એ તો ઢોલ વગાડશે ઢોલ..! એ ય કેસરીયા ખેસ નાખીને પ્રચારમાં લાગી ગયા..!!"

"સાહેબ તમે માનો છો એવા ચિત્રો નથી..! કોંગ્રેસ મુક્ત ભારતની વાતો તમે ત્રણ-ત્રણ વરસથી કરી અને આજે કોંગ્રેસયુક્ત ભાજપ થતું જાય છે..! છે એનો કોઈ અંદાજ..?!"

"એ તો રાજકારણમાં તો આમ જ ચાલે..!! એવી આભડછેટ ના રખાય ભાઈ..! સૌનો સાથ સૌનો વિકાસ..!!"

"... તો તમે... કોંગ્રેસને ગાળો આપીને સત્તા ઉપર આવ્યા અને હવે એજ રીત રસમ... આમાં ફરક શું..?! કોંગ્રેસ અને ભાજપ વચ્ચે..?!"

"ફરક તો ઘણો છે જો તમને સમજાય તો..?!"

"તો સમજાવોને અમને..!"

● અનુસંધાન પાન-૫ પર




સિરામીક એક્સ્પો : ગાંધીનગરના એક્ઝીબીશન સેન્ટર સેક્ટર-૧૭ ખાતે યોજાયેલ સિરામીક એક્સ્પોમાં રાજ્યભરના વેપારીઓ અને બિલ્ડરો મોટી સંખ્યામાં ઉમટે છે... દેશ - વિદેશના સ્ટોલ્સ ઉપરાંત ગુજરાતના વિવિધ સિરામીક ઉદ્યોગના ઉત્પાદનો આ પ્રદર્શનમાં જોવા મળે છે... હજુ ત્રણ દિવસ ચાલનાર એક્સ્પોમાં બપોરે ભારે ભીડ વર્તાય છે...

# ઉમેદવારોની જાહેરાત પૂર્વે ભાજપમાં ડેમેજ કંટ્રોલની કામગીરી પૂરજોશમાં

## ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહે કમલમ ખાતે જિલ્લાના ભાજપના આગેવાનોને ડેમેજ કંટ્રોલ માટે સજ્જ રહેવા તાકીદ કરી

ગાંધીનગર તા ૧૭

વિધાનસભાની ચુંટણીની તારીખો જાહેર થયા બાદ હવે તબક્કવારા ઉમેદવારોની યાદી પણ જાહેર થઈ રહી છે. ભાજપ દ્વારા આજે ૭૦ ઉમેદવારોની યાદી જાહેર કરી દેવાઈ છે. ત્યારે અન્ય અપેક્ષિત ઉમેદવારો પણ ટીકીટની રાહે છે. ત્યારે ગાંધીનગર જિલ્લાની પાંચ બેઠકો પર ઉમેદવારોની પ્રબળ દાવેદારી ચર્ચાની એરણે છે. આવા સંજોગોમાં ભાજપ કદાચ નો રીપીટની થિયરી અપનાવી નવા ચેહેરાઓને ટીકીટ ફાળવે તેવી સંભાવના પણ પ્રબળ બની છે. જેને ધ્યાને લઈ ગઈકાલે અચાનક જ કમલમ કાર્યાલય ખાતે આવી પહોંચેલા પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે ગાંધીનગરની બેઠકોને અનુલક્ષી ટીકીટ ફાળવણીના અંતે સંભવિત ડેમેજ કંટ્રોલને ખાળવા પુર્વ તૈયાર રહેવા પણ જિલ્લાના ભાજપના હોદેદારોને ટપાર્યા હતા.

વિધાનસભાની ચુંટણીને અનુલક્ષી રાજકીય ઉત્તેજનાના માહોલ વચ્ચે ચુંટણીજંગ વધુ કશ્મકશ ભર્યો બની રહેશે તેના એંધાણો સ્પષ્ટ થયા છે. જ્ઞાતિવાદ અને આંદોલનનો મુદ્દો પણ ચુંટણી જંગમાં પ્રમુખ બનતા મતદારોના મિજાજને કળીને વિશેષ રૂપે જ્ઞાતિવાદના સમીકરણોને સેટ કરી ટીકીટ આપવાની વિચારધારા રાજકીય પક્ષોએ અપનાવી છે. ભાજપે આજે પ્રથમ તબક્કામાં ૭૦ ઉમેદવારોની ટીકીટ જાહેર કરી છે. જયારે ટીકીટની જાહેરાત બાદ ભાજપમાં કેટલાક ઠેકાણે ભડકો થયો છે. આવા સંજોગોમાં ટીકીટની જાહેરાત બાદ ભાજપમાં પણ આંતરિક ભંગાણ સાથે આંતરિક ડેમેજ થાય તેવી સંભાવના પ્રબળ બનતા પક્ષના મોભીઓમાં ચિંતાના વાદળો ઘેરાયા છે. ગાંધીનગરમાં પણ રાજકીય ગરમવાના માહોલ વચ્ચે બન્ને પક્ષે ટીકીટની દાવેદારી કરતા ઉમેદવારો પણ હરહાલમાં ચુંટણી મેદાનમાં ઉતરવાના મુડમાં છે. ગાંધીનગરની બેઠકો સત્તાના સમીકરણો રચવા માટે પણ મહત્વની પુરવાર થતી હોવાથી પક્ષના

● અનુસંધાન પાન-૫ પર

# ભાજપના ૭૦ ઉમેદવારોની યાદી

## પ્રથમ યાદીમાં ચાર મહિલાઓનો પણ સમાવેશ

| બેઠક | ઉમેદવારનું નામ |
|---|---|
| રાજકોટ પશ્ચિમ | વિજય રૂપાણી |
| મહેસાણા | નિતીનભાઈ પટેલ |
| ભાવનગર પશ્ચિમ | જીતુભાઈ વાઘાણી |
| અંજાર | વાસણભાઈ આહિર |
| વાવ | શંકરભાઈ ચૌધરી |
| થરાદ | પરબતભાઈ પટેલ |
| દિયોદર | કેશાજી ચૌહાણ |
| ચાણસ્મા | દિલીપજી ઠાકોર |
| ખેરાલુ | ભરતસિંહ ડાભી |
| હિંમતનગર | રાજેન્દ્રકુમાર ચાવડા |
| ખેડબ્રહ્મા | રમીલાબેન બારા |
| ભિલોડા | પી.સી.બરંડા |
| મોડાસા | ભીખુસિંહ પરમાર |
| દસ્ક્રોઈ | બાબુભાઈ પટેલ |
| ધોળકા | ભુપેન્દ્રસિંહ ચુડાસમા |
| લીંબડી | કિરીટસિંહ રાણા |
| વઢવાણ | ધનજીભાઈ પટેલ |
| જસદણ | ભરતભાઈ બોઘરા |
| જેતપુર | જયેશ રાદડીયા |
| જામનગર ગ્રામીણ | રાઘવજી પટેલ |
| જામનગર ઉત્તર | ધર્મેન્દ્રસિંહ જાડેજા |
| જામજોધપુર | ચીમનભાઈ સાપરીયા |
| ખંભાળીયા | કાલુભાઈ ચાવડા |
| દ્વારકા | પબુભા માણેક |
| માંગરોળ | ભગવાનજી કરગટીયા |
| જુનાગઢ | મહેન્દ્ર મશરૂ |
| સોમનાથ | જશાભાઈ બારડ |
| તાલાલા | ગોવિંદ પરમાર |
| ધારી | દિલીપ સાંઘાણી |
| અમરેલી | બાવકુભાઈ ઉઘાડ |
| મહુવા | રાઘવજી મકવાણા |
| ભાવનગર ગ્રામીણ | પરષોત્તમ સોલંકી |
| ભાવનગર પૂર્વ | વિભાવરી દવે |
| ગઢડા | આત્મારામ પરમાર |
| ઉમરેઠ | ગોવિંદ પરમાર |
| સોજીત્રા | વિપુલભાઈ પટેલ |
| મહેમદાવાદ | અર્જુનસિંહ ચૌહાણ |
| ઠાસરા | રામસિંહ પરમાર |
| બાલાસિનોર | માનસિંહ ચૌહાણ |
| ગોધરા | સી.કે.રાઉલજી |
| શહેરા | જેઠાભાઈ આહિર |
| હાલોલ | જયદ્રથસિંહ પરમાર |
| દેવગઢબારીયા | બચુભાઈ ખાબડ |
| સાવલી | કેતન ઈનામદાર |
| જેતપુર | જયંતિભાઈ રાઠવા |
| વડોદરાસીટી | મનિષાબેન વકિલ |
| રાવપુરા | રાજેન્દ્ર ત્રિવેદી |
| માંજલપુર | યોગેશ પટેલ |
| પાદરા | દિનેશભાઈ પટેલ |
| કરજણ | સતીશભાઈ પટેલ |
| નાંદોદ | શબ્દશરણ તડવી |
| ડેડીયાપાડા | મોતીભાઈ વસાવા |
| વાગરા | અરૂણસિંહ રાણા |
| ઝઘડીયા | રવજીભાઈ વસાવા |
| અંકલેશ્વર | ઈશ્વરસિંહ પટેલ |
| ઓલપાડ | મુકેશભાઈ પટેલ |
| માંગરોળ | ગણપત વસાવા |
| વરાછા રોડ | કુમારભાઈ કાનાણી |
| લિંબાયત | સંગીતાબેન પાટીલ |
| મજુરા | હર્ષભાઈ સંઘવી |
| સુરત પશ્ચિમ | પૂર્ણેશભાઈ મોદી |
| બારડોલી | ઈશ્વરભાઈ પરમાર |
| નિઝર | કાંતિભાઈ ગામીત |
| ડાંગ | વિજયભાઈ પટેલ |
| જલાલપોર | રમેશભાઈ પટેલ |
| વાસંદા | ગણપતભાઈ મહાલા |
| વલસાડ | ભરતભાઈ પટેલ |
| પારડી | કનુભાઈ દેસાઈ |
| ઉમરગામ | રમણભાઈ પાટકર |



દિવા તળે અંધારુ - પ્રદેશ ભાજપના મુખ્યાલય પાસે ગટર ઉભરાતા ગંદકી સર્જાઈ હતી... રાજ્યના અનેક વી.વી.આઈ.પી.ની અવરજવરથી ધમધમતા કમલમ્ પાસે ગંદકી સર્જાતા રાહદારીઓ અને વાહનચાલકોમાં ચર્ચા જાગી હતી...

# ગાંધીનગરને કેરોસીન ફ્રી સીટી અને ડસ્ટ ફ્રી સીટી બનાવીએ : ડૉ. જે.એન. સિંઘ

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર શહેરને કેરોસીન મુક્ત શહેર જાહેર કરવા માટે ઉજ્જવલ્લા યોજનાનું ૧૦૦ ટકા અમલીકરણ થાય તે દિશામાં રોડમેપ તૈયાર કરવા રાજ્યના મુખ્ય સચિવ જે.એન. સિંહે આજે તંત્રને સંકેત આપી જણાવ્યુ છે.

ગાંધીનગર-અમદાવાદ શહેરમાં પરિસરિય હવાના પ્રદૂષણ અંગે બોલાવાયેલી બેઠકમાં આ અંગેનો સંકેત રાજ્યના મુખ્ય સચિવે આપ્યો હતો.

તેમણે કહ્યું કે ગ્રીન ટ્રિબ્યુનલ દ્વારા બાયોમાસ ખુલ્લામાં બાળવા અંગે પ્રતિબંધ લગાવેલ છે. આ બાબતે વધુ જન જાગૃતિ અર્થે સંલગ્ન વિભાગો દ્વારા સંકલિત રીતે આગળ વધવામાં આવે તે જરૂરી છે.

અમદાવાદ તથા ગાંધીનગર વિસ્તારમાં ઓટો રિક્ષાઓમાં સીએનજી સિવાય અન્ય બળતરણનો વપરાશ ના થાય તેનુ સઘન મોનીટરીંગ કરવા, ૫૦ માઈક્રોનથી ઓછી જાડાઈવાળા પ્લાસ્ટિકના વપરાશ પરના પ્રતિબંધ બાબતે સઘન ચેકિંગ કરી પ્લાસ્ટીક રૂલ્સની જોગવાઈઓના અમલીકરણ પર પણ તેમણે ભાર મુક્યો હતો.

ગાંધીનગર શહેરમાં વોલ ટુ વોલ કાર્પેર તથા એનપેવર્ડ વિસ્તારોમાં પેવમેન્ટ કરી ડસ્ટીંગ ઓછુ કરવા પર ભાર મુકવામાં આવ્યો હતો. તેમણે ગાંધીનગર અમદાવાદમાં પરિસરિય હવાનું પ્રદૂષણ ઓછુ થાય તે માટે સંબંધિત વિભાગોને ટુંકાગાળા અને લાંબાગાળાના એક્શન પ્લાન તૈયાર કરવા માટે પણ સૂચવ્યુ છે.

અમદાવાદ-ગાંધીનગરમાં પરિસરીય હવાની ગુણવત્તાને વધુ સારી બનાવવા અંગેના પગલાંઓ પર વિસ્તૃત ચર્ચાઓ થઈ હતી. અમદાવાદ-ગાંધીનગર શહેરમાં ૧૫ વર્ષ જૂના વાહનોના રજીસ્ટ્રેશન રદ કરવા માટે અલાયદી નીતિ તૈયાર કરવામાં આવશે તેવો સંકેત પણ તેમણે આપ્યો હતો.

સીએનજીમાં વાહન રૂપાંતરિત કરવા માટે સહાય આપવા પણ અલાયદી નીતિ તૈયાર કરવા સહિતના વિવિધ સૂચનો પર આ બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી.

આ બેઠકમાં પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના અધિકારીઓ, આરોગ્ય પરિવાર, શહેરી વિકાસ નાગરિક પુરવઠા વિભાગ, વાહન વ્યવહાર વિભાગ અમદાવાદ ગાંધીનગરના મ્યુનિ. કમિશનર તેમજ ગાંધીનગર કલેક્ટર સહિતના ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા.

# જિલ્લાની પાંચ બેઠક માટે ત્રણ જનરલ ઓબ્ઝર્વર પંચ દ્વારા નિયુક્ત કરાયા

## કર્ણાટક, મહારાષ્ટ્ર અને રાજસ્થાન કેડરના સિનીયર અધિકારીઓ નિયુક્ત કરાયા

ગાંધીનગર, તા. ૧૭

વિધાનસભાની આગામી માસમાં યોજાનાર સામાન્ય ચૂંટણીમાં ગાંધીનગર જિલ્લાની પાંચ બેઠક માટે ત્રણ નિરીક્ષકો (સામાન્ય)ની નિમણુંક ચૂંટણી પંચ દ્વારા કરી દેવામાં આવી છે.

જિલ્લામાં નિમાયેલા ત્રણ જનરલ નિરીક્ષકો મહારાષ્ટ્ર, કર્ણાટક અને રાજસ્થાનથી આવી રહ્યા છે. જેમાં કર્ણાટકમાંથી આવતા નિરીક્ષક સૌથી સિનીયર અધિકારી છે.

ગાંધીનગર જિલ્લાની માણસા અને કલોલ બેઠક માટે રાજસ્થાન કેડરના સનદી અધિકારી મનોજ શર્માને નિયુક્ત કરવામાં આવ્યા છે. તેઓ ૨૦૦૪ની બેચના સનદી અધિકારી છે. સામાન્ય નિરીક્ષક તરીકે નિમાયેલા આ નિરીક્ષકો આગામી સપ્તાહે ગાંધીનગર આવશે તેમ મનાઈ રહ્યું છે.

ગાંધીનગર (ઉ) બેઠક માટે કર્ણાટક કેડરના મહાવીરનાન્ જનરલ ઓબ્ઝર્વર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. તેઓ ૧૯૯૮ની બેચના

● અનુસંધાન પાન-૫ પર


### ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ બેસણું



મારા ધર્મપત્ની અ.સૌ.શાન્તાબેન માધવલાલ પંડયા તા.૧૬/૧૧/૨૦૧૭, ગુરૂવારના રોજ દેવલોક પામ્યા છે. સદ્દગતનું બેસણું તા.૧૯/૧૧/૨૦૧૭ને રવિવારના રોજ સવારે ૯.૦૦ થી ૧૨.૦૦ કલાકે અમારા નિવાસસ્થાને રાખેલ છે.

સ્થળ: પ્લોટ નં.૯૯૯/૨, શ્રી હરિપાર્ક સોસાયટી, નવરાત્રી ચોક, સરકારી પ્રાથમિક શાળાની પાસે, સેક્ટર:૨-ડી, ગાંધીનગર : ૩૮૨૦૦૭, મો.૯૪૨૭૦ ૨૬૯૭૯

લિ. માધવલાલ શિવરામ પંડ્યા-પરિવાર (ઘડી)

યોગેશભાઈ એમ.પંડયા (પુત્ર) | છાયાબેન વાય.પંડયા (પુત્રવધૂ)
દીપકભાઈ એમ.પંડયા (પુત્ર) | શિવાંગીબેન ડી.પંડયા (પુત્રવધૂ)
ગોરધનભાઈ ડી.પંડયા | જાગૃતીબેન એમ.પંડયા (પુત્રી)
ગુણવંતભાઈ ડી.પંડયા કવન, બંસરી, અભિષેક, બ્રીજેશ | નયનાબેન એમ.પંડયા (પુત્રી)
દિપ્તીબેન એમ.પંડયા (પુત્રી)

પિયરપક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે. લિ. સ્વ.હિરાલાલ ગોપાલદાસ જોશી પરિવાર-પલ્લાચર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality | KisaN | ashirvad | BENELAVE | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS | ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com